## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ચલો, ભાગો બધા... ઘરે જાવ હવે અમારે કોરોના વોર્ડ તૈયાર કરવાનો હુકમ છે...!!

# ઓમીક્રોનના જોખમને અનુલક્ષીને વાઈબ્રન્ટ સમિટ મોકુફ રાખવા માંગ

## ગાંધીનર શહેર વસાહત મહાસંઘે વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૨૨ને હાલ પુરતી મોકુફ રાખવા કલેક્ટર કચેરીએ આવેદન પત્ર આપ્યું

ગાંધીનગર, તા. ૬

એક તરફ કોરોના વાયરસના નવા વેરિઅન્ટ 'ઓમીક્રોન'ની એન્ટ્રીના પગલે દેશભરમાં ચિંતાનો માહોલ છવાયો છે ત્યારે બીજી તરફ ગુજરાત સરકાર આગામી વાઈબ્રન્ટ સમિટના આયોજનને આખરી ઓપ આપવાની તૈયારીઓમાં કમર કસીને વ્યસ્ત બની છે. આ સ્થિતિમાં ગાંધીનગર સહિત રાજયના નાગરિકોના જાહેર સ્વાસ્થ્યને અનુલક્ષીને શહેર વસાહત મહાસંઘ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને ઉદ્દેશીને લખેલું આવેદનપત્ર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અધિક નિવાસી કલેક્ટરને આપીને આગામી વાઈબ્રન્ટ સમિટ મોકુફ રાખવા માંગ કરવામાં આવી છે.

ગુજરાત સરકાર દ્વારા આગામી જાન્યુઆરી માસમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૨નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે જેને અનુલક્ષીને પ્રિ-વાઈબ્રન્ટ ઈવેન્ટ્સની હારમાળા તા. ૧લી ડિસેમ્બરથી એન્જિમેક પ્રદર્શન સાથે જ શરૂ થઈ જવા પામી છે. આગામી વાઈબ્રન્ટ સમિટિમાં દેશ-વિદેશથી ડેલિગેટ્સ, મહેમાનો, ઉદ્યોગપતિઓ વગેરે પોતપોતાના રસાલા સાથે પધારવાના છે. આ સ્થિતિમાં ઓમીક્રોન વાયરસ જે ખૂબ જ ઝડપે પ્રસરે છે તેને ફેલાવવા માટે મોકળું મેદાન મળી શકે છે. વિશ્વભરમાં ફરી એકવાર ચિંતાની સ્થિતિ સર્જનાર ઓમીક્રોન ગુજરાતમાં પણ પ્રવેશી ચુક્યો છે જેથી આ સમયે વાઈબ્રન્ટ સમિટ યોજવી તે જોખમી સાબિત થઈ જશે તેથી આ પરિસ્થિતિમાં સમિટને મોકુફ રાખવી હિતાવહ હોવાનું જણાવતા વસાહત મહાસંઘે રાજ્યમાં પ્રતિદિન ૫૦ જેટલાં કોરોના કેસો આવતા હોવાનું જણાવતાં અધિક નિવાસી કલેક્ટરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.



અત્રે ઉલ્લેખનીય છે કે પાટનગરમાં મોટી સંખ્યામાં રહેતા નિવૃત્તો, વરિષ્ઠ નાગરિકો તથા સરકારી કર્મચારીઓ વસવાટ કરી રહ્યાં છે. જેથી ઓમીક્રોનનું સંક્રમણ ફેલાય તો અનેક મુશ્કેલી શર્જાઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ભારતમાં કોરોનાની એન્ટ્રી પહેલા તત્કાલિન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અમદાવાદ મુલાકાત યોજાઈ હતી જેના કારણે કોરોના ફેલાયો હોવાનો આક્ષેપ વિપક્ષ સહિત અનેક રાજકીય અગ્રણીઓ દ્વારા વડાપ્રધાન પર કરવામાં આવી રહ્યો છે. ફરીવાર આ પ્રકારની સ્થિતિ ના સર્જાય તે માટે આ વખતે યોજાનારી વાઈબ્રન્ટ સમિટને રદ કરવામાં આવે તેવું ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યુ હતુ. આજે આવેદનપત્ર આપવા માટે તેમની સાથે રાજેન્દ્ર પારેખ, કાનજીભાઈ દેસાઈ, જયેશભાઈ આગજા, કે.પી. સોલંકી, જીતુભાઈ વગેરે જોડાયાં હતા.

## ખૂણેખાંચરેથી

- ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોના પ્રતિકાર માટે વેક્સિનેશનનું મહા અભિયાન ૧૭૦ જેટલા બુથો પર યોજવામાં આવશે.
- ભારત સરકારના આરોગ્ય મંત્રાલયની ટીમે એન.ક્યુ.એસ. પ્રમાણપત્ર માટે આજે રૂપાલની મુલાકાત લીધી હતી. આ ટીમ સતત બીજે દિવસે પણ તેની તપાસ ચાલુ રાખશે.
- ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ હવે તેની વેબસાઈટ ડેવલપ કરશે.
- એક્ઝીબીશન સેન્ટરની દિવાલ નજીક પેવર બ્લોક લગાવવાની કામગીરી હાથ ધરાઈ છે.
- ગાંધીનગર શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ આક્રમક બની છે. આજે ૮૦ જેટલી લારીઓ ખસેડાઈ હતી અને ૧૬ જેટલી લારીઓ તંત્રએ કબ્જે લીધી હતી.
- રાજ્યના નવા ગૃહ સચિવે આજે કાર્યભાર સંભાળી લીધો છે. તેઓ સીડી ચડી અને તેમની ઓફિસમાં પહોંચ્યા હતા. તેમની સાદગીએ કર્મચારીઓના મન જીતી લીધા છે.
- સ્વર્ણિમ સંકુલમાં આજે મુલાકાતીઓનો ધસારો સારો એવો હતો.
- જિલ્લા કલેક્ટર કચેરી અને તા.વિ. અધિકારીની કચેરીમાં ઉમેદવારીપત્રોની ચકાસણીને કારણે ભારે ભીડ જોવા મળી હતી.
- મોકૂફ રહેલી પોલીસ ભરતીની શારીરિક કસોટી હવે ૧૨મી ડિસેમ્બરે યોજાશે.
- જિલ્લા પંચાયત હસ્તકની તાલુકાની કચેરીઓમાં ટેકનીકલ આસિ. કેડરના આઉટ સોર્સિંગના કર્મચારીઓનો છ માસથી પગાર થયો નથી.
- મનપા કચેરીમાં આજે મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે શાખાધિકારીઓની સામાહિકી સમીક્ષા બેઠક યોજી હતી.
- કોંગ્રેસના પૂર્વ સાંસદ સાગર રાયકા વિધિવત્ રીતે ભાજપમાં જોડાઈ ગયા છે.

## 'ધ ગ્રેટ છત્તીસગઢ રન' હાફ મેરેથોનમાં સંજય થોરાતે ફિનિશર મેડલ મેળવ્યો!

ગાંધીનગર, તા.૬

કોરોનાની અસર ઓસર્યા બાદ પ્રથમ વખત છત્તીસગઢની રાજધાની રાયપુર ખાતે મેરેથોન આયોજિત કરવામાં આવી હતી. ધ ગ્રેટ છત્તીસગઢ રન બેનર હેઠળ 'લેટ્સ રન' ગ્રુપ દ્વારા આ ભવ્ય મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૧.૦૯૭ કિમીની હાફ મેરેથોનમાં ૨૫૦થી વધુ રનર્સ દોડ્યા હતા. જ્યારે દસ કિમી દોડમાં ૫૦૦ અને છ કિમી દોડમાં ૬૦૦થી વધુ રનર્સે ભાગ લઈ દોડ પૂરી કરી હતી.



ગાંધીનગર રનર્સ ગ્રુપના રનર સંજય થોરાતે આ ધ ગ્રેટ છત્તીસગઢ રનમાં ભાગ લઈને ફિનિશરનો મેડલ મેળવ્યો હતો. શિયાળાની ફૂલ ગુલાબી ઠંડીમાં રાયપુરના માર્ગ પર રનર્સ ઉત્સાહભેર જોડાયા હતાં. આ મેરેથોનના આયોજનમાં ડો. તિવારી અને ટ્રેનર નિરંજન સિંહે અનન્ય ફાળો આપ્યો હતો. સુંદર આયોજન સાથે યોજાયેલી આ મેરેથોન આવતા વર્ષે પણ યોજાનાર છે.

# ગાંધીનગર મહાનગર ભાજપા મહિલા મોરચા દ્વારા સરગાસણ ખાતે આનંદના ગરબા યોજાયા





ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તારીખ ૫ ડિસેમ્બર ૨૦૨૧, રવિવારના રોજ મહાનગર ભાજપા મહિલા મોરચા દ્વારા દેવશરણમ એપાર્ટમેન્ટ, સરગાસણ ખાતે આનંદના ગરબાનું આયોજન કરાયું હતું. જેમાં સ્થાનિક મહિલાઓએ ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન મહાનગરના મહિલા મોરચાના અધ્યક્ષા પ્રિયા પટેલના માર્ગદર્શન હેઠળ મહિલા મોરચાની ટીમે કર્યું હતું.

આનંદના ગરબામાં ભાજપા મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષા ડૉ. દીપિકાબેન સરડવા, મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશ મકવાણા, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, મહામંત્રીશ્રીઓ કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ હાજરી આપી હતી. મહાનગરના મહિલા કોર્પોરેટરશ્રીઓ, મહિલા મોરચાના કાર્યકર્તા બહેનો પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન મહિલા મોરચા અગ્રણી વર્ષાબેન શુક્લના નિવાસસ્થાને કરાયું હતું.

# પરિણિતા પાસે દહેજની માંગ કરીને શારીરીક-માનસિક ત્રાસ આપતા ફરીયાદ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૦ ખાતે રહેતી યુવતિને અમદાવાદ વાસણા વિસ્તારમાં રહેતા સાસરી પક્ષના સભ્યો છેલ્લા બે વર્ષથી દહેજની માંગણી કરીને શારીરીક માનસિક ત્રાસ આપી યુવતિને હેરાન પરેશાન કરે છે. તો બીજીતરફ ગત તા.૨૮-૭-૨૧ ના રોજ યુવતિને તેના પતિએ ગડદાપાટુનો મારમારી લાફા ઝીંક્યા હતા અને સાસુએ પણ માર મારતા યુવતિએ પોલીસ મથકે પતિ, સાસુ-સસરા અને નણંદ સામે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ ધ્રાંગધ્રાના વતની અને હાલ ગાંધીનગર સેક્ટર-૨૦ ખાતે યુવતિ તેના માતા-પિતા સાથે રહે છે અને પરિણિતા સેક્ટર-૨૩ સ્થિત કે.બી.ઈન્સ્ટટયુટ ઓફ ફાર્માસ્યુટીક એજ્યુકેશન એન્ડ રીસર્ચ કોલેડમાં માસ્ટર ઓફ ફાર્મસીના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. જયારે તેણીના લગ્ન ગત તા.૧૪-૨-૨૦ના રોજ સુરેન્દ્રનગર ખાતે રહેતા અનિલભાઈ રતિલાલ પુજારાના નાના દિકરા સુમિત સાથે સમાજના રીત રિવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ મકાન નં.ઝેડ -૧, ૧૦૩ સ્વામીનારાયણ પાર્ક -૧ ખાતે વાસણા ખાતે રહેતા હતા. યુવતિની સગાઈ તા.૧૩-૧૦-૧૯ ના રોજ થઈ હતી. ત્યારબાદ થોડા સમય બાદ સાસરી પક્ષના સભ્યોએ સોનાની ચેઈન અને વીંટીની માંગ કરી હતી. જયારે સાસુએ ખોળો ભરવાનો રીવાજ ન હોવાથી બંગળી અને બાજોટ તેમજ ફર્નીચરની વ્યવસ્થા કરવાનું જણાવ્યું હતું. તા.૧૪-૨-૨૦ના રોજ લગ્ન બાદ સાસરીમાં રહેવા ગઈ હતી. જયારે બીજા દિવસે પિયરના સભ્યો તેડવા માટે આવતા પિયર આવી ગઈ હતી. જયારે પરિણિતા પતિ બેંગ્લોર થી આવી જતા તેણીને પણ અમદાવાદ બોલાવી હતી. ત્યારબાદ પતિ શક વ્હેમ રાખીને હેરાન પરેશાન કરતા હતા. ખર્ચના પૈસા આપવાના ના પાડતા તારુ બેંક બેલેન્સ બતાવ ક્યાં રૂપીયા ઈન્વેસ્ટ કર્યા છે તેમ કહી પિયરના પૈસાની માંગ કરતા હતા. જયારે ગત તા.૨૮ જુલાઈના રોજ સાસરીમાં સવારે ઉઠતા જ સાસુએ સામાન્ય વાતમાં બોલાચાલી કરી હતી. જેમાં તારો ખર્ચો તારે જ ઉપાડવાનો કહ્યું હતું. તે સમયે પરિણિતાને તેના પતિએ લાફા મારી દીધા હતા. મારામારીમાં હાથમાં પહેરેલ બ્રેસલેટ અને કંઠી તુટી ગઈ હતી.ત્યારબાદ મહિલાએ ૧૮૧ હેલ્પ લાઈનને બોલાવી હતી. પરિણિતાએ બાદમાં સરસામાન સાથે ગાંધીનગર આવી ગઈ હતી અને પરિણિતાએ પતિ, સાસુ-સસરા અને નણંદ સામે સેક્ટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

# સેકટર-૧૫ કોલેજમાંથી એકટીવા ચોરાયું

ગાંધીનગર, તા.૬

શહેરની સેકટર-૧૫ કોલેજમાં પરિક્ષા આપવા ગયેલા વિદ્યાર્થીનું એકટીવા ચોરાયું છે. જયારે પરિક્ષા હોવાથી એકટીવાની ડેકીમાં મુકેલા બે ફોન પણ ચોર શખ્સ લઈ ગાયબ થઈ ગયો છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૨૫ હજારના એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રોદ્વારા મળતી વિગત મુજબ મોરબી જિલ્લાના ટંકારા તાલુકાના હમીરપર ગામનો ધ્રુવ રાજેશભાઈ ભોરણીયા સે-૩ ડી પ્લોટ નં.૧૦૮૯-૨ ખાતે ભાડાના મકાનમાં રહે છે અને સેકટર-૧૫ કોલેજ ખાતે બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. હાલન કોલેજમાં ૧૨ થી ૨ દરમિયાન પરિક્ષા ચાલે છે. ગત તા.૪ ના રોજ ધ્રુવ તેમજ તેનો મિત્ર પરિક્ષા હોવાથી એકટીવા નં. જી.જે.૦૩.એચ.જે.-૨૯૫૬ લઈને ગયા હતા. સેકટર-૧૫ કોલેજ ખાતે એકટીવા પાર્ક કર્યું હતું અને એકટીવાની ડેકીમાં ધ્રુવ અને તેના મિત્રનો મોબાઈલ મળી કુલ રૂ.૯ હજારની કિંમતના બે મોબાઈલ પણ એકટીવાની ડેકીમાં મુક્યા હતા. ત્યારબાદ પરિક્ષા આપીને પરત ફરીને જોતા એકટીવા પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી મિત્રોએ આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી. પરંતુ એકટીવા મળી આવ્યું ન હતું. એકટીવા તો ચોરાયુ પણ સાથેસાથે બંન્ને મિત્રોના મોબાઈલ પણ સાથે ગયા હતા. આખરે ધ્રુવ ભોરણીયાએ સેકટર-૭ પોલીસ મથકે રૂ.૨૫ હજારના એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# રાયસણ ગુજરાત ગેસની પાઈપમાં ભંગાણ થતા નાગરીકોમાં ભય

## જેસીબી દ્વારા વૃક્ષ દુર કરવાની કામગીરી દરમિયાન જેસીબીનો હાથો વાગતા પાઈપ તુટી ગઈ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર રાયસણ પેટ્રોલ પંપ પાસે જેસીબી મશીન દ્વારા ઝાડ દુર કરવાની કામગીરી ચાલી રહી હતી. તે દરમિયાન અચાનક જેસીબીના હાથાનો ફટકો વાગતા ગુજરાત ગેસ લાઈનની પાઈપમાં ભંગાણ પડ્યું હતું. ગેસની લાઈનમાં ભંગાણ સર્જાતા ગેસની દુર્ગંધ દુર દુર સુધી ફેલાતા નાગરીકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. બનાવની જાણ થતા ગુજરાત ગેસના કંપનીના કર્મચારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા અને માર્ગ બંધ કરીને કામગીરી શરુ કરી હતી.



પ્રાપ્ત માહિતી મુજબ રાયસણ પેટ્રોલ પંપ પાસે માધવ બાંધકામ સાઈટ પર ઝાડને દુર કરવાની કામગીરી ચાલી રહી હતી. તે સમયે જેસીબીનો ફટકો વાગતા ગેસ લાઈનમાં તુટી જવા પામી હતી. જેને પગલે પ્રેશરથી ગેસ નીકળતા ફુવારો ઉડ્યો હતો. ગેસની દુર્ગંધ દુર દુર સુધી પહોંચતા નાગરીકો ચિંતા કરતા નજરે પડ્યા હતા.બનાવની જાણ થતા જ ગેસ કંપનીના કર્મચારીઓ ગણતરીની મિનીટોમાં આવી પહોચ્યા હતા. સૌ પ્રથમ તેઓએ કોઈ દુર્ઘટના ના સર્જાય તે માટે માર્ગ બંધ કરી દીધો હતો અને નજીકમાં આવેલ વાલ્વ પણ બંધ કરી દીધો હતો. તેમ છતા ૩૦મીનીટ સુધી ગેસનું પ્રેશર ઘટતા અધિકારીઓએ મેઈન વાલ્વ બંધ કરીને કામગીરી શરુ કરી હતી. કલાકોની ભારે જહેમત બાદ ગેસના ભંગાણને રીપેરીંગ કરાયું હતું. જેને પગલે રાયસણ તરફનો ગેસનો પુરવઠો બંધ કરી દેવાયો હતો. ગેસ કંપનીની ટીમે તાત્કાલીક પહોંચી જઈને કામગીરી કરીને મોટી દુર્ઘટના સર્જાતા અટકાવી દેવામાં આવી હતી.

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ડિજિટાઇઝ્ડ ગ્રંથોનું વિમોચન

## ગુજરાત વિશ્વકોશના ૨૩,૦૦૦ જેટલા લખાણો વાચકને આંગળીના ટેરવે ઉપલબ્ધ થશે

ગાંધીનગર, તા. ૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ડિજીટાઈઝ્ડ ગ્રંથોનું ગાંધીનગરમાં વિમોચન કર્યુ હતું.



ગુજરાતી ભાષાના પ્રથમ એન્સાઈક્લોપીડિયા ગણાતા એવા આ ગુજરાત વિશ્વકોશના અંદાજે ૨૩ હજાર જેટલા લખાણો વાચકોને હવે આંગળીના ટેરવે-ઓનલાઈન ઉપલબ્ધ બન્યા છે, વિશ્વકોશમાં ઉપલબ્ધ વિવિધ વિષયોની સઘળી માહિતી પણ હવે વેબસાઈટ પરથી વાંચી શકાશે.

મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ગુજરાતી શબ્દકોશ-લેક્સિકોનનું સંચાલન સંભાળ્યું છે. ગુજરાતી શબ્દોનો અર્થ જાણવા અને તેની સમજણ કેળવવા માટે ગુજરાતી લેક્સિકોનનો લાભ કરોડો વાચકો લઈ રહ્યા છે.

ભૂપેન્દ્ર પટેલે ગુજરાતી ભાષાને વિશ્વના ખૂણે-ખૂણે વસતા લોકો સુધી આ ડિઝીટાઈઝ્ડ ગ્રંથો દ્વારા પહોચાડવાના સમયાનુરૂપ અભિગમની પ્રસંશા કરી હતી.

ગુજરાત વિશ્વકોશ દ્વારા બાળ વિશ્વકોશ, પરિભાષા કોશ વગેરે કોશોની કામગીરીનો ખ્યાલ મુખ્યમંત્રીને પી. કે. લહેરીએ આપ્યો હતો અને આ કોશ ભેટ પણ આપ્યા હતા. આ પ્રસંગે ગુજરાત વિશ્વકોશના ટ્રસ્ટી પી. કે. લહેરી અને અધ્યક્ષ કુમારપાળ દેસાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ નડીયાદ ખાતે સિનિયર સ્ટેટ ફેન્સીગ ચેમ્પિયનશીપ યોજાઇ

ગાંધીનગર, તા.૬

સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ નડીયાદ ખાતે સિનિયર સ્ટેટ ફેન્સીગ ચેમ્પિયનશીપનુ આયોજન ૫ ડિસેમ્બર ના રોજ કરવામાં આવેલ. સ્પર્ધા દરમ્યાન એમેચ્યોર ફેન્સીગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના મંત્રી ભરતજી ઠાકોર, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના સિનિયર કોચ મનસુખભાઈ તવેથિયા, ઈન્ટરનેશનલ પેરા એથ્લેટ અને એથ્લેટીક્સ કોચ જગદીશ ઠાકોર, એસોસીએશનના ખજાનચી રીગ્નેશભાઈ ચૌધરી, કારોબારી સભ્ય હેતલકુમાર મહિડા, સીઓઈ પ્રોજેક્ટ મેનેજર મિલન ચાવડા, ખેલો ઈન્ડીયા ફેન્સીગ કોચ નાગાસુબ્રમણ્યમ, ભવાની પ્રસાદ, હરીપ્યારી દેવી, શિલ્પા નેને એ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહીત કર્યા હતા.

સ્પર્ધામાં ખેલાડી ભાઈ-બહેનોએ ભાગ લઈ કૌવત દાખવ્યુ હતુ. ફોઈલ ભાઈઓમા અજયસિહ ચુડાસમા એ ગોલ્ડ, સચીન પટણીએ સિલ્વર, અમરસિહ ઠાકોર અને મનદીપસિહ ગોહીલે બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. ઈપી ભાઈઓમા હર્ષવર્ધનસિહ ગોલ્ડ, કરણ ભાટ સિલ્વર, સિધ્ધરાજસિહ અને યગ્નેશ પટેલે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. જ્યારે સેબર ભાઈઓમા અર્જુનસિહ ઝાલા એ ગોલ્ડ, ચંદન પટણીએ સિલ્વર, શનિરાજસિહ અને ધર્મરાજસિહે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

બહેનોના વિભાગમાં ફોઈલ બહેનોમાં ખુશી સમેજાએ ગોલ્ડ, નિશા ચૌધરીએ સિલ્વર, દિવ્યા ઝાલા અને શિતલ ચૌધરીએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. ઈપી બહેનોમા રીતુ ચૌધરી ગોલ્ડ, મિતવા ચૌધરી સિલ્વર, પાર્વતી ઠાકોર અને સૃષ્ટી ચૌધરીએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. સેબર બહેનોમા રીતુ પ્રજાપતીએ ગોલ્ડ, પ્રિયંકા સોલંકીએ સિલ્વર, વંદીતા બારડ અને ભાગ્યશ્રી એ બ્રોન્ઝ મેડલ જીતવામાં સફળતા મેળવી હતી.




વિજેતા ખેલાડીઓને મેડલ અને સર્ટીફિકેટથી સન્માનીત કરી આગામી રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધા માટે ગુજરાતનુ પ્રતિનિધિત્વ કરવા પસંદગી કરવામા આવી હતી.

એમેચ્યોર ફેન્સીગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના મંત્રી ભરતજી ઠાકોરે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવી પ્રમુખ મુકેશભાઈ ચૌધરીનો શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. વિશેષમા ખેલાડીઓને ભારત સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી. સ્પર્ધાના આયોજનને સફળ બનાવવા કોચ રોશન થાપા, હિમ્મતજી ઠાકોર, યગ્નેશ પટેલ, ગોકુલ મલીક, આર. પ્રદીપ અને દ્રષ્ટી પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.